વર્ષ - ૧
યુગાબ્દ : ૫૧૧૭

॥ જય મહેશ ॥

અંક - ૩
જુલાઈ - ૨૦૧૫

# ઢાટ માહેશ્વરી સંદેશ

त्याग
सेवा सदाचार


## त्रि-मासिक पत्रिका

ALL INDIA FEDERATION OF DHAT MAHESHWARI SAMAJ
AIFDMS

રજી. નં. : F13026/ABD

: પ્રકાશક :


ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ



# ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ
# ૨૦૧૫-૧૭ વર્કિંગ કમિટી મીટીંગ
# હોદ્દેદારોની પસંદગી અને શપથવિધી સમારોહ

















# ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ ૨૦૧૫-૧૭
# વર્કિંગ કમિટી મીટીગ હોદ્દેદારોની પસંદગી અને શપથવિધી સમારોહ

ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજની ૨૦૧૫-૧૭ ની નવી કારોબારી નો શપથ સમારોહ તા. ૦૫-૦૪-૨૦૧૫ ના રોજ ટાગોર હોલ, અમદાવાદ મુકામે ગુજરાતના દૂર દૂર થી આવેલા આગેવાનો અને સમાજના બંધુઓની ઉપસ્થિતમાં યોજવામાં આવ્યો.

માન.શ્રી કિરણકુમાર રાઠી, પ્રમુઅ AIFDM, મંત્રી શ્રી સુનિલ ગીગલ, ઉપપ્રમુખ શ્રી શંકર કેલા, શ્રી મહેશ લધડ, અજીત રામવાણી તથા શ્રી વિજયભાઈ કેલા, શ્રી હીરાલાલ કેલા, બિહારીલાલ રાઠી, આઈ.પી. માહેશ્વરી સાહેબ જેવા આગેવાનોની હાજરીમાં દિપ પ્રાગટય કરી સમારંભ ને ખુલ્લો મુકવામાં આવ્યો.

નવી કારોબારી ની રચના કરવા માટે શ્રી વિજયભાઈ ડી. શાહ (અમદાવાદ) ચુંટાણી નિરીક્ષક તરીકેની જવાબદારી સંભાળીને સમગ્ર પ્રક્રિયાની લોકશાહી રીતે ચુંટાણી / પસંદગી થી પ્રત્યેક કારોબારી સભ્યોની પસંદગી કરીને નવી કારોબારી ને સહમતીથી મોકલવા બદલ સમગ્ર સમાજનો આભાર માનવામાં આવ્યો અને સૌને અભિનંદન પાઠવવામાં આવ્યા.

શંકરલાલ કેલા ધ્વારા પસંદ થયેલ કારોબારી સભ્યો માંથી ઝોન પ્રમાણે હોદેદ્દારો અને મેનેજમેન્ટ કમિટી કઈ રીતે રચવામાં આવશે તેની માહિતી આપવામાં આવી.

ત્યારબાદ વિજયભાઈ શાહે તમામ નવા ૨૦૧૫ કારોબારી સભ્યોને મંચ પર બોલાવી પ્રમુખ તથા અન્ય હોદેદ્દારોની વરાણી કરવા બોલાવવામાં આવ્યા.

૨૦૧૫-૧૭ ના વર્ષના પ્રમુખ તરીકે સર્વાનુમતે શ્રી કિરણકુમાર એમ. રાઠીના શ્રી જુગલકિશોર માહેશ્વરી ધ્વારા પ્રસ્તાવ મુકવામાં આવ્યો અને શ્રી વાસુદેવજી ભુતડા ધ્વારા સમર્થન કરીને પ્રમુખ તરીકે શ્રી કિરણ રાઠીને જાહેર કરવામાં આવ્યા.

ઉપપ્રમુખ તરીકે શ્રી વાસુદેવજી ભુતડા, શ્રી જુગલકિશોર ધારૂમલ માહેશ્વરી ની પસંદગી કરવામાં આવી મંત્રી તરીકે શ્રી શંકરલાલ એમ. કેલા તથા સહમંત્રી તરીકે શ્રી હરીશકુમાર માહેશ્વરી અને શ્રી ગીરીશકુમાર એમ. રાઠીની તથા ખજાનચી તરીકે શ્રી ભવાનીશંકર મથરાણી ની પસંદગી કરવામાં આવી.

અન્ય આઠ મેનેજમેન્ટ કમિટીના સભ્યોની પસંદગી કરવામાં આવી.

૨૦૧૫-૧૭ ના ઓલ ઈન્ડીયા ફેડરેશન ના નવા હોદેદારો ને તેમની જવાબદારી માટે માન. શ્રી કે.એલ.માહેશ્વરી સાહેબ, ઈન્કમટેક્ષ કમિક્ષનરશ્રી ધ્વારા શપથ લેવડાવવામાં આવ્યા. શ્રી માહેશ્વરી સાહેબની કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ સમાજબંધુ ઓ માટે પ્રેરણા બની રહી.

શ્રી કે.એલ.બચાણી શ્રી ડેપ્યુટી કમિશ્નર મ્યુ. કોર્પોરેશન અમદાવાદ અને શ્રી ગીરીશભાઈ ચૌધરી ઉપપ્રમુખ ભાજપ અમદાવાદ ની મંચસ્થ હાજરીથી સૌએ ગૌરવ ની લાગણી અનુભવી.

૨૦૧૫-૧૭ ની નવી કરાયેલી કારોબારી ને સર્વાનુમતે સમાજ ઉપયોગી ફેડરેશન ધ્વારા જે પ્રવૃતિઓ થઈ રહી છે તેને વેગ આપવા અને નિવૃત થતા કારોબારી સભ્યોને તેમણે જે સમાજ માટે સેવા કરી છે તેને મોમેન્ટો આપી યાદ કરવામાં આવ્યા.

સામાજીક સુરક્ષા યોજનાના કન્વિનરની ઝિણવટ ભરી માહિતી આપવામાં આવી અને આ યોજના અંતર્ગત અત્યાર સુધી થયેલી કામગીરી સમાજને સંગઠીત કરવા મજબુત સાંકળ બની અને AIFDM, પાસે હાલમાં આ યોજના અંતર્ગત કેટલુ બેલેન્સ છે તે પણ જાહેર કરવામાં આવેલ.

નવા વરાયેલા પ્રમુખશ્રી કિરણકુમાર એમ. રાઠી ધ્વારા સર્વે પધારેલ જ્ઞાતિબંધુઓ અને આગેવાનોને આવકારયા અને બીજી ટર્મમાં તેમના પર વિશ્વાસ મૂકી પ્રમુખ તરીકે ની જવાબદારી આપવામાં આવી તે બદલ ફેડરેશનના તમામ કારોબારી સભ્યો નો આભાર માનવામાં આવ્યો અને સમાજને સંગઠીત અને વિકાસશીલ બનાવવા આહવાન કરવામાં આવ્યું અને નબળી વાતો છોડી સકારાત્મક વાતો કરવા ખાસ વિનંતી કરવામાં આવી.

ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ ધ્વારા સમાજબંધુઓની તંદુરસ્તી બાબતોને ધ્યાનમાં રાખી એક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવેલ.

હાલના સમયમાં હ્રદયરોગની તકલીફ સમાજના ઘણા વ્યકિતઓને અસર કરતી હોઈ તેના અવરનેસ માટે ડો. હેમાંગ બક્ષી હ્રદયરોગ નિષ્ણાંત ધ્વારા હ્રદયરોગ થતો કઈ રીતે અટકાવી શકાય અને કેવી રીતે સમયસર સારવાર લઈને જીવ બચાવી શકાય તે અંગે વિશેષ માહિતી ૪૫ મિનિટથી વધુ સમય સુધી આપવામાં આવી.

એપોલો હોસ્પિટલના ડો. શ્રી ધ્વારા ડાયાબિટીસ જે આજના સમયનો વધુ ફલાવો ધરાવતા રોગ છે તે અંગે આહાર, દવા અને કસરત ધ્વારા તેને પણ કઈ રીતે કન્ટ્રોલમાં રાખી શકાય તે અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી.

ઈન્કમટેક્ષ અંગે પણ શ્રી અજીતભાઈ શાહ ધ્વારા આપાણે જે આવક મેળવીએ છીએ તેનુ પ્લાનિંગ કરીને વ્યાજબી ઈન્કમટેક્ષ ભરી આપણી આવક ચોપડામાં બતાવીને શાંતીનું જીવન જીવી શકીએ અને ભવિષ્યમાં આવકના આધારે જ બેંકો વગેરેની સગવડ કઈ રીતે મેળવી એ તે અંગે માહિતી આપવામાં આવી.


સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ટાગોર હોલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સમાજ બંધુઓની હાજરીથી ફેડરેશનના સર્વે કાર્યકરો અને હોદેદારો ખુબ જ આનંદ વિભોર બન્યા અને કાર્યક્રમને સફળ બનાવવા જેમણે સહયોગ આપ્યો અને કાર્યક્રમમાં દૂર દૂરથી આવેલ મહેમાનો જેમણે પોતાનો કિંમતી સમય આપ્યો અને કાર્યક્રમને સફળ બનાવયો હતો. તે સેવા મંત્રી શ્રી શંકર કેલા ધ્વારા હ્રદયના ઉડાણથી આભાર માનવામાં આવ્યો અને જય મહેશ ના નાદ સાથે રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમને પુર્ણ જાહેર કરવામાં આવ્યો એવું મંત્રી **શ્રી શંકરલાલ કેલાની** યાદી જણાવે છે.

*'જય મહેશ'*

## સંયોજક :: અજીતભાઈ પારૂમલ રામવાણી

| | | |
|---|---|---|
| હરીશભાઈ જેઠાનંદ લદ્દર | અલ્કાબેન ભરતભાઈ ભોજવાણી | ગાયત્રીબેન હરીશભાઈ લદ્દર |
| વિપુલભાઈ મોતીલાલ કચોરીયા | મંજુલાબેન અમોલખરાય કેલા | મુકેશભાઈ શંભુલાલ ભટ્ટર |

# ૨૧ જુન વિશ્વ યોગ દિવસ



'યોગ' અને 'પ્રાણાયામ'નું વિજ્ઞાન ભારતીય સંસ્કૃતિમાં વિકાસ પામેલુ પ્રાચીન વિજ્ઞાન છે. વિશ્વભરમાં તેને ભારતની અમૂલ્ય ભેટ તરીકે સ્વીકારવામાં આવે છે. માનવજીવનમાં નિરોગી દેહ અને સ્વસ્થ મનની પ્રાપ્તિ માટે આર્યુવેદ અને યોગનો સમન્વય જરૂરી છે. શરીરના આંતરીક મળ અને દોષોને દૂર કરવા તેમજ અંતઃકરણની શુધ્ધિ માટે યોગીઓ એ તથા ઋષિમુનિઓએ યોગનો આવિષ્કાર કર્યો છે. જેના અનુશલીનથી પૂર્ણાનંદની પ્રાપ્તિ અને જીવન-સાફલ્ય સિધ્ધ કરી શકાય છે યોગાસન અને પ્રાણાયમ ધ્વારા આપણા શરીરમાંથી જે શકિત બહાર વહી જાય છે તેને રોકીને આંતરમુખી કરવામાં મદદરૂપ થાય છે. યોગ એ શરીર અને આત્માનો સુગમ છે.

યોગ : કર્મસુ કૌશલ્ય યોગ એટલે આત્માનું પરમાત્મા સાથે જોડાણ. શરીરનું મન સાથે જોડાણ માનનીય નરેન્દ્ર મોદીએ ભારતની આ પ્રાચીન કળાને આંતરરાષ્ટ્રીય સ્તરે રજુ કરી અને ૨૧ જુન ને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કર્યો આ દિવસે દેશ-વિદેશમાં યોગના અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા અને વડાપ્રધાનનું સ્વપ્ન સાકાર થયું.

ઋષિ પતંજલિ એ આપણા અષ્ટાંગ યોગની ભેટ આપી છે તેના મુજબ યોગ એટલે ફકત આસનો અને પ્રાણાયામ નથી પરંતુ આત્માને પરમાત્મા સાથે જોડવાનો માર્ગ છે અત્યારે સમય ઝડપથી બદલાઇ રહયો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ક્ષણે-ક્ષણે પરિવર્તન થાય છે. આવી સ્થિતીમાં યોગ સમયનું સંતુલન શીખવાડે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ આઠ અંગો યોગના છે પહેલા પાંચ અંગો જે બહિરંગ કહેવામાં આવે છે જયારે બાકીના ત્રણ ધારણા, ધ્યાન અને સમાધિ એ અતરંગ છે. જેને 'રાજ યોગ' પણ કહેવામાં આવે છે.

સ્વામી વિવેકાનંદ કહેતા ''દરેક વ્યકિત દિવ્યતા પ્રાપ્ત કરવાની સંભાવના ધરાવે છે'' આપણામાં છુપાયેલી આ દિવ્યતા સાથે આપણો મિલાપ કરાવી દે અર્થાત દિવ્યતાને પ્રગટ કરે તે યોગ. આમ યોગ એ એવી સુવ્યવસ્થિત રીતે જીવન જીવવાની કળા છે જે આપણામાં રહેલી તમામ શકિતઓનું જાગરણ કરે છે.

યોગ નું પહેલુ અંગ યમ છે. હવે યમના પણ પાંચ અંગો છે. અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય

યોગનું બીજુ અંગ નિયમ છે તેના પણ પાંચ અંગો છે. શૌચ, સંતોષ, તપ સ્વાધ્યાય, ઇશ્વર પ્રણિધાન

વર્તમાન સમયમાં જયાં નજર નાખીને ત્યાં વધારે પડતી ઉતાવળ અને દોડા દોડ જોવા મળે છે દૈનિક ક્રમમાં ફેરફાર થાયતો ચિંતા, ક્રોધ, ભૌતિક વસ્તુઓ પાછળની આંધળી દોટ, ગમો-અણગમો, માન-અપમાન મનને નિરાશ કરે છે આ બધાથી યોગ આપણને બચાવી શકે છે જો નિયમિત યોગાભ્યાસ કરવામાં આવે તો જીવનની અનેક સમસ્યાઓનો સામનો કરી શકીએ છીએ.

જેમ વિજ્ઞાનની દુનિયામાં આઇન્સ્ટાઇનનું નામ સર્વોપરી છે તેવી જે રીતે મનની દુનિયાના આઇનસ્ટાઇન પતંજલિ છે. જેવી રીતે પર્વતોમાં હિમાલય શ્રેષ્ઠ છે તેવી જ રીતે બધાં દર્શનો, વિધિઓ, નીતીઓ, નિયમો, શ્રમો અને વ્યવસ્થાઓમાં યોગ શ્રેષ્ઠ છે.

# શાસ્ત્રો અને યોગ

યોગ શબ્દ 'યોગે' અને 'યુજ્' આ બંને ધાતુ પરથી બન્યો છે. શાસ્ત્રોમાં આ બંને અર્થમાં 'યોગ' શબ્દનો ઉપયોગ થયેલો જોવા મળે છે.

કઠોપનિષદ કહે છે કે,

यदा पग्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।
बुद्धिश्च न विचेष्टते तामाहुः परमा ततिम् ॥
तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ।

એટલે કે, જ્યારે પાંચ જ્ઞાનેન્દ્રિય અને મન શાંત હોય છે અને બુદ્ધિ પણ સ્થિર થાય છે ત્યારે તેને પરમગતિ કહેવાય. ઇન્દ્રિયોની સ્થિરતાને જ યોગ કહેવાય છે. કઠોપનિષદમાં બીજી એક જગ્યા એ લખાયું છે કે, अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशौकौ जहाति (૨/૧૨) એટલે કે અધ્યાત્મયોગથી પરમાત્માને ઓળખી સુખ-દુઃખને ભૂલી જવું એ જ યોગ છે.

યોગશિખોપનિષદમાં કહેવાયુ છે કે, જ્યારે શ્વાસ અને પ્રશ્વાસ એક થઇ જાય, જ્યારે જીવાત્મા અને પરમાત્મા એક થઇ જાય તેને યોગ કહેવાય.

બ્રહ્માંડ પુરાણમાં કહેવાયું છે કે સંયમ જ યોગ છે.

માર્તન્ડ ઉપનિષદમાં કહેવાયું છે કે, પ્રકૃતિ અને પુરૂષ એમ બંનેને અલગ-અલગ બુદ્ધિથી જાણવું તે યોગ છે.

યોગયાજ્ઞવલ્કયોપનિષદમાં કહ્યું છે કે, જીવાત્મા અને પરમાત્માનું એક બનવું યોગ છે.

યોગબીજોપનિષદમાં કહેવાયું છે કે દ્વન્દ્વ ભાવોનું એકીકરણ કરવું યોગ છે.

ભગવદ્ ગીતામાં લખાયું છે કે योगः कर्मसु कौशलम् । એટલે કે કુશળ બુદ્ધિથી કર્મ કરવું એટલે યોગ.

ભગવદ્ ગીતામાં જ કહેવાયું છે કે, સમત્વ એટલે શું ? સુખ અને દુઃખમાં, લાભ અને હાનિમાં, વિજય અને પરાજયમાં સમત્વ બુદ્ધિથી કામ લેવું એ જ યોગ છે.

વર્તમાન આપણે આસનને જ યોગ માનીએ છીએ, પરંતુ અહિંસા, સત્ય, અપરિગ્રહ, આસ્તેય, સમત્વ બુદ્ધિનું પાલન કરવું પણ એક રીતે યોગ જ છે.

# ચિકિત્સા વિજ્ઞાનમાં યોગનું મહત્વ

છેલ્લા ૩૦ વર્ષમાં ચિકિત્સા વિજ્ઞાનમાં યોગની કિલનિકલ ઉપયોગિતા, શારીરિક પરિણામ તથા યોગ દ્વારા શરીર પર કામ કરવાની પદ્ધતિ પર ઘણાં રિસર્ચ થયાં છે.

માંસપેશીઓ, ન્યુરો એન્ડોક્રાઇન સિસ્ટમ પર, કાર્ડિયોવાસ્ક્યુલર સિસ્ટમ પર, શ્વસન તથા માંસપેશીય સિસ્ટમ પર યોગનો પ્રભાવ ખૂબ મહત્વપૂર્ણ સાબિત થયો છે. સાથેસાથે ઘણા બધા રોગોના ઉપચાર તથા રોગથી બચવામાં પણ યોગ અભ્યાસ ઉપયોગી સાબિત થયો છે. તાણ થી થતા રોગોના નિદાનમાં યોગ ખૂબ જ પ્રભાવશાળી સાબિત થયો છે. યોગની અસરો વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી છે તથા આ વિદ્યાને વધુ ને વધુ સમજવાની તથા જીવનમાં ઉપયોગ કરવાની ખૂબ જ જરૂર છે.

**: બ્લડપ્રેશર :**

કેટલાક રિસર્ચમાં હાઇ બ્લડપ્રેશરને નોર્મલ કરવા માટે પણ યોગ્ય ક્રિયાઓ ખૂબ પ્રભાવશાળી સાબિત થયો છે. યોગ ફકત બ્લડપ્રેશર, સ્ટ્રેસને ઓછું કરતો નથી, પરંતુ એન્જાઇના (હૃદયનો દુખાવો) તથા હાર્ટએટેકના જોખમથી પણ બચાવે છે. એચ.બેન્સન (યુ.એસ.એ.), સી પટેલ (યુ.કે.) વેન ડિકસહુમ (નેધરલેન્ડ) તથા ડો. ડીન ઓર્નિશ (યુ.એસ.એ.) વગેરે દ્વારા આ વિષયમાં રિસર્ચ થયેલ છે.



**: કાર્ડીયોવાસ્ક્યુલર ક્ષમતા :**

યોગ તથા પ્રાણાયામ દ્વારા શરીરની ઓકિસજન ગ્રહણ કરવાની માત્રા ઓછી થાય છે. પરિણામે વ્યકિત ઓછા ઓકિસજનની અવસ્થામાં પણ વધારે સમય સુધી જીવી શકે છે. ખરેખર તો શરીરને ઓછા ઓકિસજનની જરૂર હોય છે. ૧૯૬૦માં અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન ડો. બી. કે. આનંદ તથા ડો. જી. એસ. ચિન્ના દ્વારા આ ક્રાંતિકારી શોધ કરવામાં આવી હતી અને ૧૯૭૨માં ડો. આર. કે. વેલેસ (યુ.એસ.એ.) એ આ શોધને સત્ય ઠરાવી હતી.

**: રોગપ્રતિકારક શકિત :**

યોગ દ્વારા રોગપ્રતિકારક શકિત પાંચ ગણી વધે છે તથા માનસિક તણાવ પાંચ ગણો ઓછો થાય છે. તે જ રીતે યોગ્ય શારીરીક તાપમાનને ઠંડીમાં પણ સામાન્ય સ્તર પર રાખે છે. તેથી જ હિમાલયમાં રહેવાવાળા સંતો યોગનો નિયમિત અભ્યાસ કરે છે, પરિણામે શૂન્ય તાપમાનમાં પણ ખુલ્લા પગ હોવા છતાં પણ જીવિત રહી શકે છે.

# ગાંધીધામ થરી માહેશ્વરી સમાજ મહેશ નવમી નિમીતે કાર્યક્રમના ફોટોગ્રાફ

























# થરી માહેશ્વરી સમાજ મહેશ નવમી નિમીતે કાર્યક્રમના ફોટોગ્રાફ


મોડાસા


મોડાસા


પાટણ




પાટણ


પાટણ


પાટણ



નડીયાદ


નડીયાદ


નડીયાદ



નડીયાદ


# થરી માહેશ્વરી સમાજ મહેશ નવમી નિમીતે કાર્યક્રમના ફોટોગ્રાફ




પાલનપુર



પાલનપુર




પાલનપુર



પાલનપુર



પાલનપુર



કડી



કડી



કડી




કડી



કડી

# કોશીશ કરને વાલો કી કભી હાર નહી હોતી,
# કુછ કીયે બીના જય જય કાર નહી હોતી.



**એકતા અર્જુનભાઈ શાહ**

આણંદમાં રહેતા લતાબેન અર્જુનભાઇ શાહની દિકરી એકતાએ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિર્સિટી ઓફ બરોડાથી B.Sc. ફિઝિક્સ ડિસ્ટીન્શેકન સાથે પાસ કરેલ છે. જે દરમ્યાન તેણે ઇન્ડિયન અશોસિયેશન ઓફ ફિઝિક્સ ટીચર્સ દ્વારા લેવાતી કોમ્પિટિટીવ એકઝામ નેશનલ ગ્રેજ્યુએટ ફિઝિક્સ માં નેશનલ લેવલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. IIT માં માસ્ટર્સના એડમીશન માટે લેવાતી એકઝામ JAM માં તેણે ઓલ ઇન્ડિયા રેન્ક ૩૮ પ્રાપ્ત કરીને IIT Bombay માંથી M.Sc. ફિઝિક્સ ડિસ્ટીન્કશન સાથે પાસ કરેલ છે. તેમજ તેનુ એસ્ટ્રોનોમી માટે ભારતની જાણીતી ઇન્સટીટયુટ IUCAAમાં Ph.D. માટે પ્રિ.સિલેકશન અને NCRA અને Int. Ph.D. માટે સિલેકશન થયેલ છે. તેણે ઇન્ડિયાના ૨૧ Leading રિસર્ચ ઇન્સિટીટયુટમાં એડમીશન માટે નેશનલ લેવલે લેવાતી JEST ની એકઝામ તેમજ રિસર્ચ સ્કોલર અને લેકચરશીપમાં એલીજીબીલીટી માટે નેશનલ લેવલે લેવાતી NET ની એકઝામ પણ Clear કરેલ છે તેણે Ph.D. માટે World લેવલે લેવાતી GRE PHYSICS ની એકઝામમાં ૯૦ percentile મેળવેલ છે. એકતાની અમેરીકાની રોચેસ્ટર ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (RIT, રોચેસ્ટર, ન્યુ યોર્ક) માં એસ્ટ્રોફિઝિક્સ વિષયમાં પી.એચ.ડી. (ડોકટરેટ) માટે સ્કોલરશીપ સાથે પસંદગી થયેલ છે અને તે ઓગસ્ટ ૨૦૧૫ માં Ph.D. કરવા માટે ૫ વર્ષ અમેરિકા જાય છે.

વર્લ્ડ ઇઝ બેસ્ટ લેબોરેટરી એન્ડ નેચર ઇઝ બેસ્ટ ટીચર તમે નાના બેકગ્રાઉન્ડમાંથી આવો છો તેનુ કોઇ મહત્વ નથી પરંતુ તમારી જિજ્ઞાસાવૃતિ તમને સારા ક્રિએટર બનાવે છે આ શબ્દો છે આણંદ શહેરમાં રહેતી એકતા શાહ ની સિધ્ધી તેની ઉમર કરતા ઘણી મોટી છે. એક નાનકડા રૂમમાં માતા પિતા સાથે રહેતી એકતા સાયન્સ વિષયના દ્વાર ખોલવા માંગે છે. સાયન્સને દરેક લોકો સમજે અને પ્રકૃતિ સાથે તેમનો નાતો જોડાય તે માટે પ્યોર સાયન્સ અંગે ગહન અધ્યન કરી રહી છે. એકતા શાહ કહે છે કે હું હંમેશા બાળકની જેમ રહીને સાયન્સ શીખવા માંગુ છું દરેક વ્યકિત પોતાના શરીરને બોકસ ટાઇપ સમજી માત્ર મિકેનિઝમની જેમ કામ કરતો રહે છે પરંતુ પોતાના એનવાયરમેન્ટ કયારેય અનુભવાતો નથી. એકતા શાહના પિતા માર્કેટિંગના વ્યવસાય સાથે જોડાયેલા છે જયારે માતા છૂટકામ કરે છે એકતાના માતા-પિતાએ તેને દરેક સ્વપ્ન પુરું કરવાની છૂટ આપી છે.


## ગાંધીધામ થરી માહેશ્વરી સમાજનુ ગૌરવ



**સ્મિત કિશોર માહેશ્વરી**

સ્મિત કિશોર માહેશ્વરી દ્વારા સમગ્ર ભારતની સોશ્યલ સાયન્સની શ્રેષ્ઠ સંસ્થા દ્વારા સામાજીક વિજ્ઞાન સંસ્થાન (Tata Institute of Social Science) માંથી માસ્ટર ડીગ્રી મેળવી સમાજનું ગૌરવ વધારેલ છે. પોતાના અભ્યાસ દરમ્યાન મહારાષ્ટ્ર-વિદર્ભ ખાતે બાબા આમટે દ્વારા પ્રસ્થાપિત 'આનંદવન' સંસ્થા કે જે કુષ્ઠ (Leprosy) રોગીઓ ને સામાન્ય પ્રવાહમાં મેળવવા તેમજ સામાજીક માન્યતા નું ભગીરથ કાર્ય કરી રહી છે. ત્યાં અભ્યાસ કરી સોશ્યલ સાયન્સના પાયાના પથ્થર રૂપી નુંકાર્ય કર્યુ. ત્યારબાદ મધ્યપ્રદેશ ના જાબુવા વિસ્તારના જંગલોમાં આદીવાસીઓ સાથે રહી તેમના જીવન તથા રીત-રીવાજોનો અભ્યાસ કર્યો અભ્યાસ ના અંતિમ તબકકામાં કચ્છના દરિયાકાંઠા પર વસતા પછાત માછીમારો વિશે અભ્યાસ સામે તેમને સંગઠીત કરી 'પહેલ' નામની સંસ્થાની શરૂઆત કરી કચ્છ જીલ્લાના દુર્ગમ સરહદી વિસ્તાર બન્ની માં કે જયાં સમગ્ર વિસ્તારમાં છે ત્યાં ગામડાઓના સરપંચો-આગેવાનો ને એકઠા કરી શિક્ષણ વિશે જાગૃતિ લાવવા Tuga-ખાવડા ખાતે સ્વખર્ચે લાયબ્રેરીની સ્થાપના કરી. સ્મિત દ્વારા પોતાના IT(BE) અભ્યાસ દરમ્યાન ભારત સરકાર દ્વારા આયોજીત All Indian Inter University કવીઝ સપર્ધામાં વેસ્ટ બંગાલ ખાતે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. હાલે તેમને UN (United Nation) દ્વારા Associate Programme Facilitator Of the UNCTAD-Empretee Programme માટે આમંત્રિત કરવામાં આવેલ છે.

# થરી માહેશ્વરી સમાજનાં ઉભરતા તારલાઓ




**લાલવાણી ભરત વિનોદભાઈ**
પાલનપુર
ધોરણ ૧૨ સાયન્સમાં
૯૯.૫૭ પર્સનટાઇલ રેંક



**કેલા રૂશાલી નિલેષભાઈ**
ગાંધીનગર
ધોરણ ૧૨ સાયન્સમાં
૯૯.૫૫ પર્સનટાઇલ રેંક



**માહેશ્વરી ઉમંગ જુગનુપ્રસાદ**
પાલનપુર
ધોરણ ૧૨ સાયન્સમાં
૯૫.૩૧ પર્સનટાઇલ રેંક



**માહેશ્વરી પાર્થ સંજયભાઈ**
પાલનપુર
ધોરણ ૧૨ સાયન્સમાં
૯૯.૨૧ પર્સનટાઇલ રેંક



**જૈમલાની ઋત્વિક વિનયભાઈ**
અમદાવાદ
ધોરણ ૧૦ માં
૯૯.૮૫ પર્સનટાઇલ રેંક



**માહેશ્વરી જયનીલ લલીતભાઈ**
પાલનપુર
ધોરણ ૧૦માં
૯૯.૮૪ પર્સનટાઇલ રેંક



**કેલા રિશી નરેશભાઈ**
પાલનપુર
ધોરણ ૧૦ માં
૯૯.૭૧ પર્સનટાઇલ રેંક



**માલાણી યશ ભુપેન્દ્ર**
B.Tech Petroleum
પાટણ
મેનેજમેન્ટ ક્ષેત્રની રાષ્ટ્રીય કક્ષાની CAT-2014 ની પરીક્ષામાં ૯૭.૮૨ પર્સનટાઇલ સાથે ઉર્તીણ થઇ IIT-Kharagpur ખાતે MBA માં એડમીશન મેળવેલ છે.



**માહેશ્વરી અંશુ નરેન્દ્રકુમાર**
પાલનપુર
ધોરણ ૧૦માં
૯૯.૭૦ પર્સનટાઇલ રેંક

**ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ**
**તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન પાઠવે છે.**

# થરી માહેશ્વરી સમાજનાં ઉભરતા તારલાઓ



**કેલા ગ્રીષ્મા અરૂણભાઈ**
અમદાવાદ
BE CIVIL SEM (Dist.)
80% સાથે એન્જિનીયરીંગની ડીગ્રી મેળવેલ છે.



**કચોરીયા શ્રુતિ સુનિલભાઈ**
મોરબી
ધોરણ ૧૨ સાયન્સમાં
૯૬% પર્સનટેજ




**માહેશ્વરી હેમીલ કિરણભાઈ**
મોરબી
ધોરણ ૧૦માં
૮૬% પર્સનટેજ

## મોરબી માહેશ્વરી સમાજનુ ગૌરવ



જાહેરજીવનમાં સક્રિય રહી ઉતરોતર પ્રગતિ કરી, જીલ્લા ભાજપના મહામંત્રીતરીકેનું પદ શોભાવનાર **જે. પી. જેસવાણી** ની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં, સરકાર નિયુકત સિન્ડીકેટ સભ્ય તરીકે યુનિવર્સિટી નાં ઇતિહાસમાં મોરબી વિસ્તારની સૌપ્રથમ, નિમણૂંક થઇ જે થરી માહેશ્વરી સમાજ માટે ગૌરવની વાત છે.


## તલોદ માહેશ્વરી સમાજનુ ગૌરવ




સાબરકાંઠા જીલ્લાનાં તલોદ તાલુકામાં ધી તલોદ નાગરીક સહકારી બેંકમાં ચાલુ વર્ષે બેંક ઓફ ડિરેક્ટરની ૨૦૧૫ થી ૨૦૨૦ માટેની ચુંટણી હતી. જેમાં આપણી સમાજના તલોદના **શ્રી મુકેશકુમાર તુલજારામ ચાંડક** ચુંટણીમાં જંગી બહુમતીથી વિજય થયા હતાં તેમજ તલોદ માંથી AIFDMA ના પ્રતિનિધી છે. અને ચાલુ વર્ષે તલોદ લાયન્સ કલબનાં ઉપપ્રમુખ તરીકેની વરણી થયેલ છે. તે આપણા માહેશ્વરી સમાજની ગૌરવની વાત છે. અને તલોદ ઢાટ માહેશ્વરી સમાજનાં દરેક ભાઇબંધુ વડીલોનો આ વિજયમાં સિંહ ફાળો રહેલ છે.

"જય મહેશ"

## તલોદના કૃષ્ણ મંદિર માં રામ પારાયણ જ્ઞાનયજ્ઞ કથાનો આયોજન થયેલ.






સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે આવેલી શ્રી કૃષ્ણ મંદિર પરિસરમાં ૯ દિવસ માટે "શ્રી રામકથા" નો આયોજન થયેલ જેમાં મુખ્ય યજમાન **આસનદાસ ટીકમદાસ શાહના** નિવાસ સ્થાનથી પોથીયાત્રા શોભાયાત્રા પ્રસ્થાન પામી હતી.

વ્યાસપીઠ ઉપર પુજ્ય સંત શ્રી કીર્તિદાસ બાપુ કથામૃતનું રસપાન કરાવેલ હતું આ કથાનું આયોજન વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ તલોદ દ્વારા કરવામાં આવેલ હતું.

# થરી માહેશ્વરી સમાજનું ગૌરવ
# જખૌ (કચ્છ) બંદર પાસે બાર્જ ડુબતા મધદરિયેનો જીવન સંઘર્ષ





તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૫ ની મધરાત્રી જીવનમાં સદૈવ અવિસ્મરણીય બની રહેશે.

અબડાસા તાલુકાનાં જખૌ બંદરથી હું અને અન્ય ત્રણ ટેકનીશીયન એસ.પી.૧ નામનું મીઠા ભરેલ બાર્જ મધ દરિયે લાંગરેલા મોટા જહાજમાં ઠલાવવા માટે અમે સાંજે ૫ વાગે રવાના થયા હતા. અને રાત્રે ૮:૩૦ વાગે પહોંચી એન્કર લાંગરીયુ જખૌ બંદરથી અમે ૧૦ નોટીકલ માઈલ દુર હતા ત્યારે હવામાન માં જબ્બર ફેરફારના કારણે અને મોજા ઉછરવાના કારણે અનલોડીગ બંદ કરવું પડયુ અને એવી આશા સેવાઈ રહી હતી કે રાત્રે ૧૨ વાગે હવામાન શાંત પડતા લોડીગ શરૂ કરવામાં આવશે. ત્યારે રાત્રે ૯:૪૫ વી.એચ.એફ. માં કોલ આયો કે સીપર્લ નામનું મીઠા ભરેલ બાર્જ ડુબવાની તૈયારીમાં છે. અને તેમાથી છ ક્રુ પાણીમાં ડુબી રહયા છે તાત્કાલિક મદદે આવવા વિનંતી કરી પરંતુ અમારાથી પહેલા બીજા બે બાર્જ પહોંચી ગયા જે એમની આસ પાસમાં હતા. આ બચાવ કામગીરી રાતનાં ૧૦:૩૦ વાગ્યા સુધી ચાલી હતી. પરંતુ તેમાંથી એક ક્રુ મેમ્બરનું દુઃખદ પાણીમાં ગરકાવ થઇ ગયો ત્યાર પછી ૧૧:૩૦ વાગે બીજુ સોમ્યા નામનું બાર્જ હવામાન ના લીધે ડુબવાની તૈયારીમાં આવી ગયુ અને તેમાંથી ૭ ક્રુ મેમ્બર પાણીમાં કુદયા તેમાંથી ૫ ક્રુ મેમ્બરને મેં અને મારી ટીમે આબાદ બચાવ કર્યો જયારે અન્ય બે ક્રુ મેમ્બરને બીજા બચાવકારો એ બચાવી લીધા. જે પાંચ ક્રુ મેમ્બરને બચાવ્યા એમની હાલત ગંભીર હતી જેથી કરી મે જખૌ જેટી તરફ પાછા ફરવાની ફરજ પાડી ત્યારે રાતના ૧:૩૦ વાગે અમારૂ બાર્જ પાણીથી ભરાવા લાગ્યું આમ પાણી ભરાવાના લીધે અમારૂ બાર્જ બેકાબુ બન્યુ અને અમારૂ બાર્જ ગ્રાઉન્ડ થઇ ગયુ જેથી કરી સુખાન તુટી ગયા જેથી કરી બાર્જ ને કાબુ કરવું મુશ્કેલ બની ગયુ આની જાણ મે મરીન પોલીસ, જખૌ કોસ્ટ ગાર્ડ અને જખૌ જેટીને કરી અને એમને મદદે આવવા વિનંતી કરી. ત્યારબાદ રાત્રે ૩:૦૦ વાગ્યે અમને જાણ કરવામાં આવી કે તમારા રેસ્કયુ માટે કોસ્ટ ગાર્ડનું હોવર ક્રાફટ રવાના કરવામાં આવ્યુ છે. જે અમારી પાસે ૪:૦૦ વાગે પહોચ્યું પરંતુ અમારી આજુ બાજુ પાણી ના મોજા ઉચા હોવાથી બાજુ માં ના આવી શકવા હોવરક્રાફટે સંકેત આપ્યા જેનાથી વિપરીત હોવર ક્રાફટને આ બધી પરિસ્થિતી અસર ન થાય. વાતાવરણ સવારે ૬:૦૦ વાગે શાંત પડયુ ત્યાર બાદ અમને રેસ્કયુ કરવામાં આવ્યા. અને ૮:૩૦ વાગે અમને કોસ્ટ ગાર્ડ સ્ટેશને લઇ જવામાં આવ્યા ત્યાં પહોચયા બાદ અમને ખ્યાલ આવ્યો કે કોસ્ટ ગાર્ડે અમારી બચાવની કામગીરી માં આટલો સમય શા માટે લીધો? ત્યાં મીડીયાથી ભરેલી મોટી ભીડ જમા હતી. પરંતુ પાછળથી અમને ખ્યાલ આવ્યો કે અમને ૪:૦૦ વાગ્યે જ રેસ્કયુ કરી લેવામાં આવ્યા હોત તો કોસ્ટ ગાર્ડને આવી ખોટી પ્રસિધ્ધી ન મળી હોત જે વાતનો રંજ રહેશે.

કોસ્ટગાર્ડે પોતાની ખોટી પ્રસિધ્ધી માટે મને અને મારા ૧૫ સાથીદારોને આખી રાત ન પીવાનું પાણી અને ન કંઇ ખાવાનું અને અમારા જીવ પર જોખમની ચિંતા કર્યા વગર અમારો તમાશો જોતા રહયા જેથી અમારે લાંબા સમય સુધી પાણી વચ્ચે રહેવુ પડયું તે પણ ફકત કોસ્ટગાર્ડના બેદરકારીના લીધે.

આ લેખ મેં કોસ્ટગાર્ડ ની બેદરકારી ને પ્રકાશિત કરવા અને આવી પરિસ્થિતી બીજા કોઇ સાથે ન થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના.



## ગાંધીધામ માહેશ્વરી સમાજનું ગૌરવ
## ખુશ્બુ નરેશભાઈ કેલા
### ધોરણ ૧૦ માં ૯૯.૯૬ પર્સનટાઈલ રેંક

ગાંધીધામ ની ખુશ્બુ નરેશભાઇ કેલા એ ધોરણ ૧૦ બોર્ડના પરિણામમાં સમગ્ર રાજયમાં ચોથુ સ્થાન મેળવી થરી માહેશ્વરી સમાજનું ગૌરવ વધાર્યુ છે. ઉર્તીણ થયેલી વિધાર્થીનીએ આગળ આઇઆઇએમ કરી મેનેજમેન્ટનો કોર્સ કરવાની ઇચ્છા વ્યકત કરી છે.

## થરી માહેશ્વરી સમાજનું ગૌરવ



# હવે સ્વિચથી બાઈકના ગિયર બદલી શકાશે

**બાઈકમાં મોડિફિકેશન કરી સ્વિચની મદદથી ગિયર પાડી શકાય તેવું મિકેનીઝમ વિવેક કેલા તેમજ તેમની ટીમે તૈયાર કર્યુ.**





**ઘણીવાર આપણને ટ્રાફીકમાં ગિયર બદલવાનો કંટાળો આવે છે. ઉપરાંત હેન્ડિકેપ લોકો માટે પણ પગેથી ગીયર પાડવો અઘરો પડે છે. આથી અમે તેને સ્વિચ દ્વારા કરી શકાય તેવુ મિકેનિઝમ તૈયાર કર્યુ છે. આમાં ટોટલ સ્વિચની સાથે ૯ એમ્પિયર બેટરીનો ઉપયોગ કર્યો છે.**

બાઈક લઈને લોંગ ડ્રાઈવ કે ટ્રાફીકમાંથી પસાર થતાં થોડી-થોડી વારે પગને એડજસ્ટ કરીને ગિયર બદલવો પડે છે. ઘણા લોકોને આ કંટાળા જનક લાગે છે. પરંતુ ઈન્ડસ યુનિવર્સિટીમાં ઓટો મોબાઈલ ડિપાર્ટ મેન્ટમાનો સ્ટુડન્ટસ જિજ્ઞેસ વાળંદ, રવિ પારેખ, **વિવેક કેલા** અને ઉમંગ પટેલે બાઈકના ગિયરને મોડિફાઈડ કરીને 'સોલેનોઈડ આપરેટેડ ગિયર શિફટીંગ મિકેનિઝમ' તૈયાર કર્યુ છે. જેના દ્વારા હવે તમે હોર્નની માફક એક સ્વિચ દબાવીને ગિયર બદલી શકાશે. આ મિકેનિઝમને કારણે લોંગ ડ્રાઈવ અથવા ટ્રાફીક માં પણ આસાનીથી ગિયર બદલી શકાશે. બાઈકમાં ગિયર બદલવાની જગ્યાએ વેલ્ડીંગ કરી તેની સાથે સોલિનોઈડ સ્વિચ ગોઠવી છે. આ સોલિનોઈડ સ્વિચ સાથે એક બેટરી પણ લગાવવામાં આવી છે. આમ બેટરીના પાવર સપ્લાય સાથે જ તે પોતાનું કામ કરશે અને ગિયર બદલશે. ગિયર ને રિવર્સ લેવા માટે અન્ય એક સોલિનોઈડ સ્વિચ સામેની તરફ પણ મૂકી છે.

# પાલનપુર માહેશ્વરી સમાજ દ્વારા મહેશ નવમી ની ઉજવણી


આ વર્ષે મહેશ્વરી યુવક મંડળ પાલનપુર દ્વારા મહેશનવમી ના પાવન પર્વ નિમિતે સૌ-પ્રથમ વાર શોભાયાત્રાનું આયોજન કરેલ જેમાં પાલનપુર સમાજના વડિલો, યુવાનો, મહિલાઓ તથા નાના બાળકો શોભાયાત્રામાં જોડાયેલ માહેશ્વરી સમાજના આગેવનો તથા યુવક મંડળ દ્વારા, કળશયાત્રા, તથા ગણગોર જેવા કાર્યક્રમની ઝાંખી રાખવામાં આવેલ તથા સમાજના નાના બાળકોએ શોભાયાત્રામાં વિવિધ વેશભુષામાં ભાગ લીધેલ ત્યાબાદ રાખેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમાજનાં ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ અને વિવિધ પોગ્રામ રજુ કરેલ તથા દરેકના મન જીતી લીધેલ. મહેશ નવમીના દિવસે હવનનું પણ આયોજન કરવામાં આવેલ જેમા નવયુવાન યુગલોએ ભાગ લીધેલ. આ તમામ પ્રોગ્રામનું સંચાલન માહેશ્વરી યુવક મંડળના સભ્યો દ્વારા કરવામાં આવેલ જેમાં કારોબારી સભ્યોદ્વારા જુદી જુદી કમીટી બનાવી જેવી કે સાંસ્કૃતિક, શોભાયાત્રા કમીટી, હવન કમીટી, આયોજન કમીટી તથા ભોજન કમીટી બનાવી પોગ્રામ સફળ બનાવેલ. પ્રમુખ : અલ્પેશ માહેશ્વરી, મંત્રી : વિનોદ ચંદેરા.

# કડી માહેશ્વરી સમાજ દ્વારા મહેશ નવમી ની ઉજવણી

જય મહેશ સાથે જણાવવાનું કે માહેશ્વરી સમાજનાં વડીલો, યુવાનો, માતાઓ-બહેનો, બાળકો દ્વારા મહેશ ભગવાનના ઉત્પતી દિને કડી શહેરના મુખ્ય માર્ગો પર રથમાં ભગવાન મહેશ ને પ્રસ્થાપિત કરી સર્વે જ્ઞાતીજનો સાથે ભ્રમણ કરી સમુહ ભોજન નો આયોજન કરેલ. તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ધોરણ-૧ થી ૧૨ તથા માસ્ટર ડીગ્રી સુધીના તમામ તેજસ્વી તારલાઓનો સન્માન કરવામાં આવેલ. યુવાનો દ્વારા સમાજના વડીલોને પણ નાટય રૂપાંતર દ્વારા સફાઈ તથા હોસ્પિટલમાં મહેમાન નવાઝી ન કરી ને તેમના સગાને હિમત આપી દર્દીને પણ તકલીફ ન પડે તથા સમાજનો યોગ્ય સંચાલન કરી સગવડતા ઉભી કરવી તેવો સંદેશ પાઠવવામાં આવ્યો નવી દીશા અને નવી રાહ સમાજને હંમેશા વિકાસ અને પ્રગતિના પંથે રહે તેવી શુભેચ્છાઓ સાથે અને ઓલ ઈન્ડીયા ફેડરેશન દ્વારા પણ સમાજ બંધુઓને મહેશ નવમીની શુભેચ્છા પાઠવવામાં આવેલ.

''જય મહેશ''

# મહિલા વિભાગ



## વર્ષા ઋતુમાં આહાર-વિહાર

વર્ષાઋતુમાં મુખ્યત્વે વાયુદોષ કુપિત રહે છે. આ ઋતુમાં આપણો જઠરાગ્નિ મંદ પડી જાય છે તેથી આ ઋતુમાં ખાવા-પીવામાં ધ્યાન આપવું જરૂરી બને છે ચોમાસામાં પચવામાં ભારે હોય તેવો આહાર ન લેવો સુપાચ્ય અને સાદો આહાર લેવો હિતાવહ છે. આ ઋતુમાં આદુ અને લીબુનો ભરપુર ઉપયોગ કરવો. આથા વાળા તેમજ તળેલા પદાર્થો ઓછા ખાવા. આ ઋતુનું ફળ છે ખારેક અને જાંબુ નો વિશેષ ઉપયોગ કરવો. લીલા પાંદડા વાળી ભાજીઓનું સેવન પણ નિષેધ માનવામાં આવે છે ચોમાસામાં અલ્પ પ્રમાણમાં શુધ્ધ મધના સેવનથી અજીર્ણ, થાક, વાયુજન્ય રોગોથી બચી શકાય છે વર્ષાઋતુમાં રસાયણના રૂપમાં મોટી હરડેનું ચૂર્ણ અને ચપટીભર સિંધવ મીઠું મેળવીને તાજા પાણી સાથે સેવન કરવું.

આ રીતે ઋતુ પ્રમાણે યોગ્ય આહાર લેવાથી અનેક બિમારીઓથી બચી શકાય છે.

- મેથી તાવ, અરૂચિ, ઉલટી, ઉધરસ, વાયુ, કફ, કૃમિ વગેરે નો નાશ કરે છે.
- મેથી લોહીને શુધ્ધ કરે છે.
- રોજ સવાર સાંજ ૧-૧ ગ્રામ મેથીના દાણા પાણી સાથે ગળી જવાથી ઘૂંટણ તથા હાડકાંના સાંધાઓ મજબુત થાય છે.
- વાયુના કારણે થતી હાથ-પગની પીડાને મેથીના લાડુ બનાવી ખાવાથી મટાડી શકાય છે.
- ડાયાબિટીસના દર્દીએ પલાળેલી મેથી ખાવી.
- મેથી ની ભાજી પણ અનેક રોગોમાં ઉપયોગી છે.
- મરડો થાય ત્યારે ૨૦ ગ્રામ સૂકી મેથીના પાવડરમાં ૪૦ ગ્રામ દહીં મેળવીને લેવું.

## વાનગી

### કારેલાની છાલ ના મુઠિયા



**સામગ્રી :**
- ૩ કપ ભાખરીનો લોટ (ઘઉંનો જાડો લોટ)
- અડધો કપ ચણાનો લોટ
- ચાર થી પાંચ નાના કારેલાની છાલ
- મોણ માટે તેલ ૪ ચમચી
- લીંબુ ૧ નંગ, ૧ ચમચી ખાંડ
- આદુ, મરચા, વાટેલા ર ચમચી
- મીઠુ, લાલ મરચુ, હળદર, ધાણાજીરૂ જરૂર મુજબ

**રીત :** સૌ પ્રથમ કારેલા ધોઇને તેની છાલ ઉતારો આ છાલમાં ઘઉંનો જાડો લોટ , ચણાનો લોટ મિક્સ કરો પછી તેમાં મોણ અને બધા મસાલા અને લીબુ અને ખાંડ નાખી અને ભાખરી જેવો કઠણ લોટ બાંધો પછી હાથ વડે નાના અને પાતળા મુઠિયાને ગરમ તેલમાં તળી લો.

**નોંધ : તમને ગમે તો બાજરી, જુવાર, ચોખાનો લોટ પણ ઉમેરી શકાય.**

## બાલ વિભાગ



બાળકનો અભ્યાસ ખંડ : બાળકોને એકાગ્રતા પૂર્વક અભ્યાસ કરવા માટે ખંડ તો જોઇએ જ આ ખંડમાં અભયાસક્રમ સિવાયના સારા પુસ્તકો, સારા ચિત્રો, નકશા, પ્રાયોગિક ક્રિયા ની સાધન સામગ્રી વાર્તાના પુસ્તકો વગેરે હોવું જરૂરી છે અભ્યાસ કરવા માટે અનુકુળ શાંત વાતાવરણ તેમજ પ્રકાશની યોગ્ય વ્યવસ્થા હોવી જોઇએ લખવા અને વાંચવા માટે ભારતીય બેઠક એટલે કે નીચે ગાદી પર બેસીએ ઢાળિયું રાખીને કરી શકાય પલાઠી વાળીને બેસવાથી કરોડરજ્જુ સીધી રહે છે પરંતુ જો ટેબલ-ખુરશી ઉપર પર લટકાવી બેસવાથી સ્વાસ્થિય ઉપર અસર થાય છે બાળકને નાનપણથીજ સફાઇ ની ટેવ પડે તે માટે પોતાના અભ્યાસ ખંડ જાતે જ સાફ-સુથરો રાખે તે જરૂરી છે અભ્યાસ ખંડ માં જરૂરી વસ્તુઓ યોગ્ય જગ્યાએ ગોઠવીને રાખવાની બાળકને આદત પાડો.

બાળદોસ્તો, આપણે તારાઓને આકાશમાંથી ખરતા અને અદશય થઇ જતા અનેકવાર જોઇએ છીએ. થોડા વર્ષો પહેલા એક નાનકડો બાળક પણ તારાઓ સામે કલાકો સુધી જોયા કરતો એક દિવસ તેની માતા તેને પુછે છે કે બેટા તું આ રીતે તારાઓ સામે તાકી-તાકીને કેમ જોયા કરે છે ત્યારે બાળક જવાબ આપતો કે મને આકાશમાં ટમટમતા તારા ખૂબ ગમે છે મારે તારાઓ વિશે ઘણું બધું જાણવું છે.
બાળપણથી જ રહેલી જીજ્ઞાસા આ બાળકને ખગોળ શાસ્ત્રનાં ઉંડા અભ્યાસ તરફ ખેંચી ગઇ અને ૨૫ વર્ષની નાની વયે તેણે તારાઓ વિશેની માહિતીનો તાગ મેળવી લીધો અને તે એક મહાન વૈજ્ઞાનિક બન્યા તેનું નામ તમે જાણો છો? તેમનું નામ હતું ચંદ્રશેખર સુબ્રભણ્યમ્ તે એક મોટા ભૌતિક શાસ્ત્રી હતા. તેમને ૧૯૮૩માં ફિઝિક્સનું નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું.

## ગુલાબ



- ફુલોનો રાજા ગુલાબ
- ગુલાબ સૌને ગમતુ ફુલ છે તેની ૧૫૪૦૦ જેટલી જાતો છે. વિશ્વનો સૌથી મોટો ગુલાબનો બગીચો ઇટાલીના કેરીગ્લિયામાં છે. જેમા
- ૭૫૦૦ જાતના ગુલાબ ઊગે છે.
- ''પ્રાઇમ રોઝ'' કહેવાતું ગુલાબનું ફુલ સંધ્યા સમયે ખીલે છે પ્રાઇમરોઝ એકદમ સટાક કરતુ ખૂલે છે.
- ગુલાબમાંથી બનતું ગુલકંદ શકિત દાયક ઉત્પાદન છે.
- ગુલાબના ફુલમાં વિટામીન-સી રહેલુ છે જે દવા બનાવવા ઉપયોગી છે.

# ઢાટી.....ઢાટી.....ઢાટી.....

ચાંડક, હરાણી, શારદા, કેલા ; ભૂતડા, રામવાણી, લધ્ધડ, રાઠી,
માહેશ્વરીયામી જાતે ઘણે ; પણ સજા એ મુળ ઢાટી,
છાછરો, સુન્દરો, ગઢડો મીઠી ; હર ગામમી વસ્યા ઢાટી,
બોલી હે ઈયારી ઢાટી ; ધંધેમે અવ્વલ ઢાટી,
સાંટા કરણમી હે માટી ; વહુઆરીના કહેતા લાડી,
અજળી, ગણગોર, મહેશ નવમી, ટીજ ; ત્યોહાર મનાય ઢાટી,
સાંજી, રિયાણ, મંઢેતણી ગોઠ ; એળા રીત રીવાજ કરે ઢાટી,
વેશ, ઓઢણ, ચોલો, સુથણ ; ધોતીયો પોતીયો ટોપી,
દોહરી, નથ, અલી-બોરલો ; ઝુંબરીયા શણગારથી શોભે ઢાટી,
મગત, નુકતી, સતુ, દોહટી ; કરતા ઘરામી લાપસી ઢાટી,
મીર્ચ પકોડા, કોફતા ગટ્ટા ; ખીચ-રબડી દાળ બાટી,
ખીંચ્યાં-પાપડ, કચરી-ફળી ; સંગરી, ચીભડીયા ખાઈતા ઢાટી,
મેટના કરી મુલતાની માટી ; રણમી કરે ફુલવાડી ઢાટી.

**લિ. જ્યોતી દિલીપભાઈ હરાણી**
**ગાંધીધામ-કચ્છ**
**(મો. ૯૫૭૪૯૪૬૯૪૫)**

## અભિનંદન.....અભિનંદન.....અભિનંદન....અભિનંદન....

**ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજને અભીનંદન**

આજ થી અમુક વર્ષ પહેલાં આપણા સમાજની વસ્તી થર, રાજસ્થાન અને ગુજરાતનાં ગામડાઓ સુધી સિમીત હતી અને ત્યારે આપણા સમાજની માહિતી આપણા ‘‘ભાટ રાજા’’ બે ત્રણ વર્ષે એકાદ વખત આવી ગામે ગામ ની માહિતી મેળવી જતા અને આપણને કોઈ માહિતી જોઈતી હોય જેમ કે જન્મ, મરણ, લગ્ન પ્રસંગ વગેરેની માહિતી એમની પાસેથી મળી રહેતી.

પરંતુ હવે જમાનો બદલાઈ ગયો છે. આપણા સમાજનાં ભાઈઓ ધંધા અર્થે ગામડાઓના સીમાડા વટાવી દેશ, પરદેશનાં મોટા શહેરોમાં જઈ વસ્યા છે. એ બધા ભાઈઓ એકબીજાના પરિચયમાં રહી શકે અને આવનાર નવી પેઢી પણ સમાજનાં પરિચય માં રહી શકે એના માટે ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજે ‘‘ઢાટ માહેશ્વરી સંદેશ’’ નામના ત્રિમાસિક અંકની શરૂઆત કરી અને દેશ વિદેશમાં રહેતા આપણા બધા ભાઈઓ આ અંક દ્વારા એક-બીજાથી સંકળાયેલા રહી શકે તેમજ સમાજનાં બધા પ્રસંગોની માહિતી આ અંક દ્વારા મળી શકે.

સમાજનાં સારા કાર્ય કરવા માટે સંગઠનની જરૂર છે તો આપણે બધા સમાજના યુવાન ભાઈઓ આ અંક માટે પોતાનું યોગદાન આપે અને આ અંક આપણો આજીવન ચાલે. ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ આવા સમાજનાં સારા કાર્યો આગળ પણ કરતા રહે અને કયારેક અમે પણ કોઈ કામમાં એમને ઉપયોગી થઈ શકીએ તો અમે અમને ખુબ જ નસીબદાર સમજશું.

જય મહેશ

**કિર્તીભાઈ મયારામ બક્કર (જગડુ)** છાપીવાળા
૪૦૫, સોનલ બી, S.E.H. સ્કુલની બાજુમાં,
પાંચ પખાડી, થાણા (વેસ્ટ) મહારાષ્ટ્ર ૪૦૦૬૦૨.
મો. ૦૯૮૩૩૧૭૦૩૩૩

# खंभात थरी माहेश्वरी समाज ध्वारा महेश नवमी उत्सव

खंभात तालुका माहेश्वरी समाज द्वारा हर वर्ष की भांति इस वर्ष भी 'महेश नवमी' का आयोजन श्री कामनाथ महादेव मन्दिर 'कानीसा' मे किया गया । दिनांक 27–05–2015 को प्रातः 9 बजे खमांत, बोरसद, तारापुर पेटलाद आदि ग्रामीण क्षेत्र/शहरी क्षेत्र/ में बसे हुए बन्धुओ ने इस कार्यक्रम में उपस्थिती देकर कार्यक्रम की शोभा बढाई । विभिन्न प्रकार के रंग–बीरंगी वस्त्रोमें सब छोटे–छोटे बच्चो ने भाग लेकर उत्सव में चार चांद लगाये ।

यह मन्दिर प्राचीन काल का है जिसमे पीछेकी ओर जलाल का कुंन्ड बना हुआ है लोग स्नान आदि करते है, एसी मान्यता है कि इस कुंन्ड मे स्नान करने से मानव पापमुक्ति कोड मुक्ति मिलती है । यह स्थल इसलिए चुना गया कि इस मन्दिर का नाता भगवान महेश से है लोग दर्शन करते हुए अपने जीवन के पंथ को सही दिशा दे सके अध्यक्ष श्री हरीरामजी ने अपने सुझाव में संगठन को अधिक मजबुत करने की बात कही । क्षेत्र के सामाजिक कार्यकर्ता व ओल इण्डिया फेडरेशन ओफ ढाट माहेश्वरी समाज के प्रतिनिधि श्री गौतम प्रसाद चाण्डक ने सामाजिक सभा को सम्बोधित करते हुए समाज बन्धुओ से अपिल की, की आज हमारे समाज की जो भी संस्थाए, सामाजिक सुधार व सामाजिक रीत कें कार्यकर रही है, उनको साथ देना चाहिए ।


ओल ईण्डिया फेडरेशन ओफ ढाट माहेश्वरी समाज नाम की सामाजिक संस्था का जिक्र करते हुए श्री चाण्डक ने कहा कि यह एक ऐसी सामाजिक संस्था है जोसमाज के प्रत्येक व्यक्ति को जोडने का कार्य कर रही है। साथ ही साथ समाज के विभिन्न कार्योको करने के लिए ''सब का साथ सबका विकास'' सिध्धांत पर कार्य कर रही है।

इस संस्था ध्वारा चलाए जा रहे विभिन्न समाज हीत की योजनाओकी जानकारी समाज बंधुओ को दि गई । दोपहर 1:30 भोजन–प्रसाद के बाद छात्र । छात्राओ को ईनाम वितरण समाज ध्वारा किया गया ।




# પાલનપુર મુકામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાયુ

માહેશ્વરી સમાજ પાલનપુર દ્વારા અધિક માસ નિમિતે ''શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'' નું આયોજન થયેલ જેમાં પ.પૂ.આરતી દીદી (અમરેલીવાળા) વ્યાસપીઠે બિરાજી આ આધ્યાત્મથી શ્રીમદ્ ભાગવત કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવેલ. આ કથાનું આયોજન શ્રી પાલનપુર માહેશ્વરી સમાજે કરેલ જે કથાની પોથી યાત્રા મહાદેવભાઇ પુનમચંદ કેલાના નિવાસ સ્થાનેથી નિકળી શહેરના મુખ્ય માર્ગો પર ફરી સમાજ ની વાડી ઉપર આવેલ સમાજ ના દાતાઓ એ સારો સાથ સહકાર આપેલ. આ પ્રોગ્રામની માહિતી આ પ્રોગ્રામ ના કન્વીનર શ્રી રાણામલ શંભુમલ તથા શ્રી ભેરૂમલ રાઠી એ જણાવેલ છે.















॥ જય રામદેવજી ॥



વૈકુંઠવાસી હીરાલાલ ભીમજીમલજી મથરાણી
જન્મ વર્ષ ૧૯૦૦ સ્વ.વર્ષ ૧૯૮૫

વૈકુંઠવાસી કેસરબા હીરાલાલજી મથરાણી
જન્મ વર્ષ૧૯૨૫ વૈકુંઠવાસ તા. ૧૦/૦૧/૨૦૧૫

# HIRA-MOTI PARIVAAR

ज्ञान वो सबसे शक्तिशाली हथियार है
जिससे आप पूरी दुनिया बदल सकते है

# હિરા મોતી પરિવારનાં જય મહેશ

દાદા લાધુરામ સેવા સમિતિ સંચાલિત

# ॥ ગુરૂજી કી પાઠશાલા ॥

પાલનપુર, સિદ્ધપુર, માલણ, ગઢ, ધાનેરા.
ગુજરાત - ૬૦ શ્રેષ્ઠ શિષકો, ૨૦૦૦ બાળકો

## ધોરણ :- ૮,૯,૧૦,૧૧,૧૨.

(કોચીંગ કલાસ, સંસ્કાર કલાસ)
સમજણ સાથેનું શિક્ષણ ફી માત્ર શૂન્ય
મો. ૯૪૦૮૧૯૭૩૪૦

**મદનલાલ નથુમલ રાઠી**
શુભમ રીયલ એસ્ટેટ, પાલનપુર.
મો. ૯૪૨૯૧૨૧૪૬૪

**રાજસ્થાન ગ્રુપ ઓફ મેડીકલ સ્ટોર**
**પાલનપુર, અમદાવાદ.**

# LAXMI CANVASSERS

*Exports Intermediates*

**Grain, rice, Seed's Cancassing Agent**

F-14/15, First Floor, H athikhana, Fatehpura, Vadodara - 390 006.
Ph. : +91 265 2458541, 42, 43, 44 M. : 98240 93249
E-mail : laxmicanvassers@gmail.com

# MAHALAXMI MARKETING

133/2, Kabutarkhana, Chokha Bazar, Kalupur, Ahmedabad-2.
Ph. : +91 79 2216 4448/49, M. : 98252 25638
E-mail : mahalaxmimarketing12@gmail.com

## TEAM "LAXMI"

**VADODARA • AHMEDABAD • SURAT • ANAND**
**GANDHIDHAM (KANDLA)**

*With Best Compliments From :*

लालचनद रामचन्द लधड़
महेश लालचन्द लधड़
राजेश लालचन्द लधड़
निखील, निकुंज, जयनील

## गिधाणी (लधड़) परिवार

**वड़ोदरा, अहमदाबाद**

પ્રવિણ ડી. કચોરીયા

*With Best Compliments From :*

મો. ૯૮૨૪૯ ૯૪૭૨૨

# ભારતમાતા સિઝન સેન્ટર

**SONY - STANDARD- CORRONATION - KALESHWARY - ROYAL - SUPREME**

દરેક પ્રકારનાં ફડાકડા હોલસેલ ભાવથી મળશે.

સિમલા ગેટ, પાલનપુર

# હરેશ રામવાણી ફટાકડા સ્ટોર્સ

અજીત રામવાણી
વિપુલ કચોરીયા
મો. ૯૮૨૫૨ ૨૭૦૧૪

## Haresh Ramwani Fatakda Stores

હરેશ રામવાણી
ધવલ કેલા
મો. ૯૮૯૮૪ ૩૮૫૩૧

**SONY - STANDARD- CORRONATION - KALESHWARY - ROYAL - SUPREME**

દરેક પ્રકારનાં ફડાકડા હોલસેલ ભાવથી મળશે. ગાંધીધામ-કચ્છ.



*With Best Compliments From :*

ચેતનભાઇ માહેશ્વરી
૯૯૧૩૬ ૩૦૫૬૦

॥ શ્રી ॥

# શિવમ્ સપ્લાયર્સ

## ટાઇલ્સવાલા

*Digital Tiles Gallery*

બી, ગીરીરાજ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં, સરદાર બાગની પાછળ,
કડી-૩૮૨૭૧૫ (ઉ.ગુ.) ફોન : (ઓ.) ૦૨૭૬૪ - ૨૪૦૦૪૦



II Jay vishumata II

*With Best Compliments From :*

# Mayaram Aasandas Bather & Family (Chhapi)

Arvind bhai (Bhuj) : 09898841565
Kirti bhai (Thane) : 09833170333
Arjun bhai (Thane) : 09920799929

**Maheshwari Finance - Gandhidham**

Vijay bhai : 09879419444

।। श्री गणेशाय नमः ।।



## ऑल ईण्डिया फेडरेशन ऑफ ढ़ाट माहेश्वरी समाज द्वारा
## मेडिकल रीलीफ फंड के लिए

आयोजित

# श्रीमद् भागवत कथा
# ज्ञानयज्ञ सप्ताह
एवं
# नानीबाई रो मायरो

## निमंत्रण



**श्रीमद् भागवत कथा**

दि.2-9-2015

कथा समय-2:30PM-6:00 PM

दि.3-9-2015 से 8-9-2015

कथा समय-9:00 AM - 12:30 Noon

कथाकार

पंडित श्री विजय शंकरजी मेहता



**नानीबाई रो मायरो**

दि. 3-9-2015 से 6-9-2015

कथा समय : 3:00 PM - 6:00 PM

कथाकार

रामस्नेही संत श्री रामप्रसादजी

LOgo

: कथा स्थल :

**कच्छी आश्रम**

भारतमाता मंदिर के पास,
सप्त सरोवर, हरिद्वार

: निमंत्रक :

**ऑल ईण्डिया फेडरेशन ऑफ ढ़ाट माहेश्वरी समाज**

ढ़ाट माहेश्वरी भवन, ग्राउंड फ्लोर, फ्लैट नं. 1-2 स्मृति अपार्टमेंट, पोलीटेक्नीक के सामने,
पांजरापोल रोड, आंबावाडी, अहमदाबाद-15. मो.94261 76070, 98250 26206, 98240 56661



# निमंत्रण

आदरणीय श्रद्धालुगण

श्रीमद् भागवत कथा परमपिता परमेश्वर का गुणानुवाद मात्र नहीं, मानव मात्र के लिए एक विराट संदेश है। बीत रहे पलों में हर मनुष्य के अपने कुरुक्षेत्र हैं। किंतु यदि श्रीमद् भागवत कथा का आश्रय लिया जाए तो सारी विपदाए तृण समान प्रतीत होती हैं। पावन भाव-भूमि पर रची गई श्रीमद् भागवत कथा मन मस्तिष्क के तमस का शमन कर आनंद भाव का संचार करती है। यह पावन कथा मानव जीवन में कर्म और कल्याण के अभिनव रंग भरती है। प्रभु की असीम कृपा से श्रीमद् भागवत कथा के अमृतरस का श्रवण करने का सुअवसर प्राप्त हुआ है जो हमें सुखी परिवार का रहस्य सिखाएगी। महर्षि वेदव्यास द्वारा रचित दिव्य ग्रंथ श्रीमद् भागवत में समस्त शास्त्रों का सार है और जीवन का व्यवहार है। वास्तव में यह गृहस्थों का ग्रंथ है जिसमें जीवन के सारे सूत्र समाए हैं। हमारे सामाजिक और पारिवारिक जीवन में हमारा व्यवहार कैसा हो, कैसे हम सुखी परिवार की रचना करें, इसके सूत्र हमें श्रीमद् भागवत में प्राप्त होते हैं।

**व्यासपीठ पर विराजमान होंगे जीवन प्रबंधन गुरु, पंडित श्री विजय शंकरजी मेहता, उज्जैन।** उनकी मधुर वाणी से श्रीमद् भागवत महापुराण की अमृत वर्षा होगी।

इस परम अनुपम आयोजन में आप सपरिवार बन्धु-बान्धव सहित सम्मिलित होने के लिए भावमय आमंत्रित हैं, श्रीमद् भागवत महापुराण का श्रवण कर अपने जीवन को सफल एवं सार्थक बनायें।

## : विनीत :

## ऑल ईण्डिया फेडरेशन ऑफ ढ़ाट माहेश्वरी समाज

| | | | |
|---|---|---|---|
| प्रमुख | : | किरणकुमार महादेवभाई राठी, अहमदाबाद | 94262 13103 |
| उपप्रमुख | : | वासुदेव गणेशदास भूतड़ा, आणंद | 99244 55944 |
| | | जुगलकिशोर धारुमल माहेश्वरी, वड़ोदरा | 94289 71435 |
| सचिव | : | शंकरलाल ओमकारमल केला, कड़ी | 98250 26206 |
| कोषाध्यक्ष | : | भवानीशंकर हीरालाल मथरानी, अहमदाबाद | 98250 08297 |
| सहसचिव | : | हरीशकुमार जेठानन्द माहेश्वरी, गांधीधाम | 98252 26249 |
| | | गिरीशकुमार मदनलाल राठी, पालनपुर | 94291 21464 |

### भागवत कथा कन्वीनर

ताराचन्द मूलचन्द मनसुखाणी-94261 76070
सायला

### भागवत कथा को-कन्वीनर

शंकरलाल ओमकारमल केला, कड़ी - 98250 26206
मनुभाई डी. हराणी, अहमदाबाद - 98240 56661

### भागवत कथा आयोजन में सहयोग कर्ता

पीताम्बरदास केवलरामजी माहेश्वरी, बाड़मेर
मदनलाल डूँगरोमलजी माहेश्वरी, गढ़ड़ारोड
किरणकुमार महादेवभाई राठी, अहमदाबाद
देऊमलजी हराणी परिवार, अहमदाबाद, गांधीधाम, पुणे, बरोडा,
मदनलाल गिरधारीलालजी साँझीरा, आणंद
श्रवणकुमार डूँगरोमलजी माहेश्वरी, बाड़मेर
वासुदेव सजनमलजी राठी परिवार, बाड़मेर
पीताम्बरदास हरीरामजी पनपालिया, डीसा
मथरादास प्रागचन्दजी लधड़ परिवार, जयपुर
अर्जुनदास जसरुपदासजी चांडक, जैसलमेर

बंशीधर उत्तमचन्दजी माहेश्वरी, सायला
चतुर्भुज अर्जुनदास राठी, जोधपुर
जेठानन्द कोजराजजी लधड़ परिवार, गांधीधाम
पारुमल खजूरामलजी रामवाणी, गांधीधाम
डॉ. हसमुख विन्डोमल करमाणी (केला), गांधीधाम
रेवतीदेवी डूँगरोमलजी चांडक, तलोद
आसनदास टीकमदासजी चांडक, तलोद
हितेशकुमार तुलजारामजी भूतड़ा, सूरत
धारुमल गोपालदास केला (खटियाणी) परिवार, वड़ोदरा
रुक्ष्मणिबेन जगदीशचन्द्र गीगल, वड़ोदरा

# આ પત્રિકામાં સહભાગી થવા માટે......

- જો તમારા સ્વજનો ને ભાવભરી શ્રદ્ધાંજલી આપવી હોય તો અને સ્વજનની પુણ્ય તિથિ એ શ્રદ્ધાંજલી અર્પણ કરવી હોયતો તેની વિગત અને ફોટો મોકલવાના રહેશે. આ રીતે શ્રદ્ધાંજલી અર્પણ કરવાનું શુલ્ક રૂા. ૧૧૦૦/- રહેશે. પરંતુ જો તમારે ફકત મૃત્યુ નોંધ આપવી હોય તો તે નિઃશુલ્ક આપવામાં આવશે.

- તમારા ઘેર પુત્ર કે પુત્રી રત્નનો જન્મ થયો હોય તો તેમના જન્મ દિવસે શુભેચ્છા પાઠવવી હોય તો તેનું લખાણ અને ફોટો સહિત વિગત મોકલવી. ફોટો સહિત શુભેચ્છા પાઠવવાનું શુલ્ક રૂા. ૧૧૦૦/- રહેશે.

- લગ્ન તિથિ તેમજ ૨૫ વર્ષ (રજત જયંતિ) ૫૦ વર્ષ (સુવર્ણ જયંતિ) પૂરા કર્યા હોય તેને જો તમારા તરફથી શુભેચ્છા પાઠવવી હોય તો વિગત અને ફોટા મોકલવાના રહેશે જેનું શુલ્ક રૂા. ૧૧૦૦/- રહેશે. આવી શુભેચ્છા મિત્ર મંડળ, મહિલા મંડળ કે કુટુંબના સભ્યો તરફથી પાઠવી શકાય છે. જેને શુભેચ્છા પાઠવી રહ્યા છો તેના સત્કર્મોનું ભાથું પત્ર લખી ને મોકલી શકો છો.

- વડીલો ના અનુભવો, સંસ્મરણો અન્ય માહિતી, આભાર લેખ, સમાજના રીત-રિવાજો પણ અમને મોકલી શકો છો.

- તમારા ગામ કે શહેરમાં સમાજના કેટલાક સભ્યો દ્વારા વિશેષ યોગદાન રૂપી કરેલું કાર્ય અને તેની વિગતો પણ અમને લખીને મોકલી શકો છો.

- તમારા બાળકો એ કોઈ રમત-ગમત ક્ષેત્ર કે અન્ય પ્રવૃતિમાં કે પ્રતિષ્ઠિત કામ કર્યુ હોય અથવા રાષ્ટ્રીય કે અંતર રાષ્ટ્રીય કક્ષા એ હરિફાઈમાં ભાગ લીધો હોય તો તેની પણ વિગતો અમને ફોટો સહિત મોકલી શકો છો.

- દરેક ગામ કે શહેર માં ચાલતી મહિલા મંડળ, યુવક મંડળ અને સમાજના મંડળની પ્રવૃતિઓ વિષયે કાર્ય, સભ્ય સંખ્યા વગેરેની માહિતી પણ જરૂરથી મોકલવા વિનંતી.

- આ ''ઢાટ માહેશ્વરી સંદેશ'' આપણા સૌનું છે. અને આપણા સમાજના ઉત્કર્ષ અને ઉન્નતિ માટે શરૂ કરવામાં આવેલું છે. શુભ નિષ્ઠા, શુભ આશય અને સેવા ભાવના ના પ્રતિક રૂપે આ પત્રિકા સૌને નિઃશુલ્ક આપવામાં આવશે. તો તમારો સહકાર ખુબજ જરૂરી છે. તમારા સહકારની અપેક્ષા સાથે.

- તમારા વ્યવસાય પ્રતિષ્ઠાન જાહેરાત માટે છેલ્લા પાનાનાં રૂા. ૨૧,૦૦૦/- લેવામાં આવશે. અને અંદરનાં પાનામાં જાહેરાત માટે પૂરા પાના રૂા. ૧૫,૦૦૦/-, અડધા રૂા. ૭.૫૦૦/-, પા પાનું રૂા. ૫.૧૦૦/-લેવામાં આવશે.

## ''જય મહેશ''

**નોંધ : આ પત્રિકાનો આવતો અંક ઓકટોબર, ૨૦૧૫નાં પહેલા અઠવાડીયામાં પ્રકાશિત થશે. તો ઈચ્છુક વ્યકિત ઉપરની કોઈપણ વિગત નીચેના સરનામે ૧૫ સપ્ટેમ્બર થી પહેલા મોકલી આપવા વિનંતી.**


**ઢાટ માહેશ્વરી ભવન**
ગ્રાઉંડ ફલોર, ફલેટ નં. ૧-૨, સ્મૃતિ એપાર્ટમેંટ,
પોલીટેકનીકની સામે, પાંજરાપોળ રોડ,
આંબાવાડી, અમદાવાદ-૧૫,
ફોન : (૦૭૯) ૨૬૩૦૩૦૨૦
**મનસુખભાઈ : મો. : ૦૯૪૨૬૬૯૭૧૩૩**
E-mail : mcshah77@gmail.com

**રુદ્રાક્ષ સ્ટેશનરી**
શોપ નં. ૨૧/બી, પ્લોટ નં. ૧૩૮,
સેકટર-૮, સી.એલ.શર્મા કોમ્પ્લેક્ષ,
ઓસ્લો સિનેમાની પાસે, ગાંધીધામ (કચ્છ).
**અજીતભાઈ રામવાણી : ૯૮૨૫૨ ૨૭૦૧૪**
**વિપુલભાઈ કચોરિયા : ૯૮૯૮૪ ૩૮૫૩૧**
E-mail : ajitramwani@yahoo.com
: jaiambecarriers@gmail.com

सेवा त्याग सदाचार

# ગાંધીધામ ના હૃદય સમા લીલાશા વિસ્તારમાં આવેલ

# થરી માહેશ્વરી સમાજવાડી (ફુલ્લી AC.)






**ગાંધીધામના ભારતનગર વિસ્તારમાં આવેલ થરી માહેશ્વરી સમાજ ભવન**

**શ્રી થરી માહેશ્વરી સમાજ ભવન**
પ્લોટ નં. ૩૫૧, વોર્ડ ૧૨/સી,
લીલાશાહ ગરબી ગ્રાઉન્ડ પાસે,
લીલાશાહ નગર, ગાંધીધામ

**શ્રી થરી માહેશ્વરી સમાજ ભવન**
પ્લોટ નં. સી-સી/૧૩, વોર્ડ ૧૧-બી,
આશાપુરા મંદિરની પાસે,
ભારતનગર, ગાંધીધામ

**: બુકિંગ માટે સંપર્ક :**

ફરશરામભાઈ કેલા : મો. : ૯૪૨૬૭ ૮૯૬૨૨ અજીતભાઈ રામવાણી : મો. : ૯૮૨૫૨ ૨૭૦૧૪